SHREE NANDAN® COURIER LIMITED
ISO 9001:2015
We Deliver On Time
Toll Free : 180023366666
www.shreenandancourier.com
For Rakhi Delivery Status
Missed Call 8141336666
રાખડીનું બુકીંગ ચાલુ છે.
Scan for Nearest Outlet

રક્ષાબંધન
—શુભકામના—
રેશમના તાંતણે બંધાશે સ્નેહનું બંધન,
ભાઈ સુધી પહોંચાડશે રાખડી શ્રી નંદન...

# શહેરમાં ૪ ઈંચ વરસાદથી સેકટરોમાં જળબંબાકાર

**કેટલાક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થયા : સેકટરોમાં માટી પોલાણના લીધે ગાબડા અસ્તિત્વમાં આવ્યા : વરસાદી સમસ્યાઓ ઉભરાઇ : નગરજનોએ નિખરતી હરિયાળી વચ્ચે લવલી મોસમનો નઝારો માંણ્યો સિઝનનો ૧૫ ઇંચ વરસાદ**

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં સતત બીજા દિવસે મેઘરાજા મનમુકીને વરસતા સેકટરોમાં ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. ગઈકાલ મોડી સાંજથી ધોધમાર વરસાદ વરસવાનુ શરૂ થયુ હતુ. સાંજથી રાત્રિના ૧૦ : ૩૦ કલાક દરમિયાન જ બે ઈંચ વરસાદ વરસી ગયો હતો .જયારે છેલ્લા ૨૪ કલાકમાં જ ચાર ઈંચ જેટલો વરસાદ વરસતા શહેરમાં ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. ભારે વરસાદના લીધે સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા હતા. ભારે વરસાદના લીધે કેટલાક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થયા હતા. જયારે સેકટરોમાં પણ માટી પોલાણના લીધે મોટામસ ગાબડા પડયા હોવાનુ ધ્યાને આવ્યુ છે. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૩૬૫ મી મી વરસાદ વરસ્યો છે. શહેરમાં ચોમાસાના સરેરાશ વરસાદની સાપેક્ષમાં અત્યાર સુધી ૧૫ ઈંચ જેટલો વરસાદ થઈ ગયો છે. સિઝનનો ૫૦ ટકા વરસાદ થઈ જતા વાતાવરણમાં સાર્વત્રિક ઠંડક પ્રસરી છે. ખેડુતોમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે.

ગાંધીનગરમાં ગઈકાલ રાતથી મેઘરાજા મુશળધાર વરસતા ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. વરસાદની છેલ્લા ઘણાં સમયથી સૌ કોઈને ઈન્તેજારી હતી. લાંબા સમયથી અલપઝલપ છાંટણા અને હળવા ઝાપટા વરસાવી વરસાદી વાદળો વિદાય લઈ લેતા નગરજનો પણ આકાશી નઝારા સામે મીટ માંડી બેઠા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## સે-૨૧ માં વૃક્ષ પડતા કારને નુકશાન

શહેરમાં ભારે વરસાદના લીધે સેકટરોમાં ઠેર ઠેર માટી પોલણ થવાની સાથે વૃક્ષો ધરાશાયી થયા હતા. સે-૨૧ માં સે-૨૧ પંચશીલ પાર્કમાં એક વૃક્ષ ધરાશાયી થતા કારને નુકશાન થયુ હતુ. સદનસીબે કોઈને જાનહાનિ થઈ ન હતી. શહેરમાં વરસાદી માહોલ જામ્યો છે. ત્યારે વરસાદી વાતાવરણમાં વારંવાર વૃક્ષો પડવાના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. સેકટરોમાં નમી પડેલા અને ભયજનક વૃક્ષોની સંખ્યા હજુ વિશેષ છે ત્યારે નગરજનોએ વરસાદી દિવસોમાં વૃક્ષ નીચે ઉભા રહેવુ કે કાર પાર્ક કરવી સલાહભરી નથી.





# શ્રીકાર વર્ષાથી જિલ્લો જળમગ્ન બન્યો

**કલોલમાં ભારે વરસાદથી એકનું મોત : માણસામાં પાંચ મકાનોની દિવાલો ધરાશયી થઈ : જિલ્લામાં શુક્રવારથી શનિવાર દરમ્યાન પાંચ ઈંચ વરસાદ નોંધાયો**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં શુક્રવારના ૨૪ કલાકમાં શ્રીકાર વર્ષા થતાં જિલ્લો જળમગ્ન બન્યો છે. જિલ્લામાં શુક્રવારના ૨૪ કલાકમાં સરેરાશ પાંચ ઈંચ વરસાદ નોંધાયો હતો. જેમાં કલોલ તાલુકામાં નવ ઈંચ તો માણસામાં ચાર ઈંચ ગાંધીનગરમાં સાડા ત્રણ ઈંચ તો દહેગામમાં ત્રણ ઈંચ વરસાદ નોંધાયો છે.

શુક્રવારે દિવસ દરમ્યાન ધીમી ધારનો વરસાદ શરૂ થયો હતો અને રાત્રિના ૭ પછી તેની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી.

મળતી વિગતો પ્રમાણે કલોલ તાલુકામાં ભારે વરસાદને કારણે દિવાલ પડતાં એક વ્યક્તીનું મોત નીપજ્યુ છે જ્યારે માણસા તાલુકાના ચરાડા અને કોટવાલ અનોડિયામાં પાંચ જેટલા મકાનોની દિવાલ તુટી પડતાં નુકશાન થયાના અહેવાલો છે.

જિલ્લામાં આજે શનિવારે પણ દિવસ દરમ્યાન વરસાદ ચાલુ રહ્યો હતો. કલોલમાં ત્રણ ઈંચ તો ગાંધીનગર-દહેગામમાં ૭ મી.મી. જેટલો હળવો વરસાદ નોંધાયો હતો.

ગ્રામીણ વિસ્તારના તળાવોમાં નવા નીરની આવક થવા પામી છે. આ નવા નીરને કારણે જિલ્લાના ભૂગર્ભ જળ પણ સારા એવા રિચાર્જ થઈ જશે. જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સુજલામ સુફલામ યોજના અંતર્ગત બનાવાયેલ ૨૨૫ જેટલા તળાવોમાં પણ પાણીની આવક થવા પામી છે.

જિલ્લા કંટ્રોલરૂમના જણાવ્યાનુસાર શુક્રવારે સવારના ૬ થી શનિવારના સવારના ૬ વાગ્યા સુધીમાં કલોલમાં ૨૨૮ મી.મી., માણસામાં ૧૦૬ મી.મી., ગાંધીનગરમાં ૮૭ મી.મી. અને દહેગામમાં ૭૯ મી.મી. વરસાદ નોંધાયો છે. જિલ્લામાં શનિવારની સવાર સુધીમાં સરેરાશ ૪૧૧ મી.મી. વરસાદ નોંધાયો છે.

● અનુસંધાન પાન-૭ પર

**બેસણું**



અત્યંત દુ:ખ સાથે જણાવવાનું કે મારા ધર્મપત્ની
અ.સૌ.સજનબા જસવંતસિંહ રહેવર (ચક્ષુદાતા)
નું દુ:ખદ અવસાન તા.૮/૮/૨૦૧૯ ના રોજ થયેલ છે.
સદ્‌ગતનું બેસણું તા.૧૨/૦૮/૨૦૧૯ને સોમવારના રોજ
સવારે ૯ થી ૧૧.૩૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ :- શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ વાડી, સેક્ટર-૭, ગાંધીનગર.

જસવંતસિંહ અર્જુનસિંહ રહેવર (નિવૃત ના.કા.ઈ.મા.મ. વિભાગ)
ઉષ્માબા રાજદિપસિંહ રહેવર (પુત્રવધુ)
યાશવસિંહ રાજદિપસિંહ રહેવર (પૌત્ર)
બલવંતસિંહ ઈન્દ્રસિંહ રહેવર (કાકા)
વિક્રમસિંહ અર્જુનસિંહ રહેવર
મહેન્દ્રસિંહ અર્જુનસિંહ રહેવર
વિરેન્દ્રસિંહ મૂળસિંહ રહેવર

**લગ્ન વિષયક**

સુશિક્ષિત નેત્રહિન સિનિયર સીટીઝન માટે જીવનસાથી જોઈએ છે. લખો બાયોડેટા સાથે.
પોસ્ટ બોક્સ નં. ૧૧૮૧૯
ગાંધીનગર સમાચાર

3BHK SPACIOUS APARTMENTS

RERA NO. : PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/RAA05157/280319 | www.gujrera.gujarat.gov.in
शिवालय™ SHARNAM
www.shivalaysharnam.com
3 BHK
Starting 49.5* Lakhs
शिवालय Shyam Group motera
Shivalay Sharnam, B/h. Pratik Mall,
Besides Swaminarayan Dham, Kudasan
exclusively marketed by tps The Property Shop
Mayur Varu - +91 909 909 3366

हरि GROUP | DEV GROUP
हरि आलय
3 BHK Lifestyle Apartments
only 90 Families

Hari Aalay, Besides Ved International School,
Opp. Aashka Hospital, Sargasan TP-7, Gandhinagar
RERA NO.: PR/GANDHINAGAR/GANDHINAGAR/OTHERS/RAA65420/100519
www.gujrera.gov.in
exclusively marketed by tps The Property Shop
Alpesh Patel - +91 909 909 3355

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com